1. સંચારનાં માધ્યમોથી ભૌતિક વસ્તુઓના પ્રચાર અને પ્રસારમાં આવેલાં પરિવર્તનોની સમજૂતી આપો.

- સંચાર માધ્યમોમાંથી આવતાં વિવિધ ચીજવસ્તુઓનાં વારંવારનાં વિજ્ઞાપનોને કારણે લોકો અનેક વસ્તુઓથી પરિચિત થવા લાગ્યા છે. તેઓ ભૌતિક વસ્તુઓને ખરીદી તેનો ઉપભોગ કરતા થયા છે. ગૃહવપરાશમાં ઉપયોગમાં આવે તેવાં ફ્રીઝ, ટેલિવિઝન, મોબાઇલ, વૉશિંગ મશીન, મિક્સર, કુલર, કમ્પ્યુટર, વૅક્યુમ ક્લીનર, વૉટર યુરિફિકેશન વગેરે આધુનિક ઇલેક્ટ્રોનિક સાધનોથી પરિચિત થઈને તેનો ઉપયોગ કરવા લાગ્યા છે. શહેરી વિસ્તારોની જેમ ગ્રામીણ વિસ્તારોમાં પણ આવાં સાધનોનો ઉપયોગ થવા લાગ્યો છે. વિવિધ વાહનોનાં વિજ્ઞાપનોને કારણે લોકો પોતાના બજેટને અનુકૂળ આવે તેવાં વાહનો ખરીદે છે. લોકો પાસેનાં વાહનોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. આ જ પ્રમાણે ખાનપાન, કાપડ, સૌંદર્ય પ્રસાધનો, હેર ઑઇલ, સાબુ, પાવડર, ટૂથપેસ્ટ, મરીમસાલા, ફર્નિચર વગેરે વપરાશની ચીજોનાં વિજ્ઞાપનોને કારણે લોકો વિવિધ પ્રકારની ચીજવસ્તુઓથી પરિચિત બન્યાં છે. આ રીતે તેમને પસંદગીની વિવિધ તકો મળી છે.
- આજે મધ્યમ વર્ગીય કુટુંબમાં પણ આધુનિક ગૃહ ઉપયોગી સાધનો જરૂરી બન્યાં છે. ગ્રાહક તે વસ્તુ ખરીદવા તરફ આકર્ષાય તે માટે એક વસ્તુ સાથે એક વસ્તુ ભેટ, આકર્ષક ઑફર, હપતા પદ્ધતિ, શૂન્ય ડાઉન પેમેન્ટ, શૂન્ય ટકા વ્યાજ વગેરે જેવી જાહેર વિજ્ઞાપનથી ગ્રાહકોને આકર્ષે છે. વર્તમાન સમયમાં 'યુઝ ઍન્ડ થ્રો'નો ખ્યાલ પ્રચલિત બન્યો છે. આમ, સમૂહ માધ્યમોએ ઉપયોગિતાવાદ કે ગ્રાહકવાદ ઊભો કર્યો છે. સંચાર માધ્યમોમાં આવતાં વિજ્ઞાપનોએ લોકોમાં નવી જરૂરિયાતો ઊભી કરી છે.
- વિવિધ પ્રકારની કંપનીઓ પોતાના ઉત્પાદનોસંબંધી વિજ્ઞાપનો દ્વારા લોકોમાં તે ઉત્પાદનની માંગ ઊભી કરે છે. ઉત્પાદક કંપનીઓ વિભિન્ન પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને લોકોને પોતાના ઉત્પાદનનો ઉપયોગ કરવા આકર્ષે છે. આ કારણે કેટલીક વાર બિનજરૂરી વસ્તુઓ ખરીદવાનો મોહ વધે છે. કેટલીક વ્યક્તિઓ વધુ ને વધુ ખરીદવાના મોહમાં દેવાદાર પણ બની જાય છે.

2. સંચારનાં માધ્યમોથી શિક્ષણક્ષેત્રે આવેલાં પરિવર્તનોની સમજુતી આપો. (March 19)

- સમૂહસંચારનાં માધ્યમો સામાજિક વિકાસનું અગત્યનું સાધન છે.સંચાર માધ્યમોમાં આવતાં અને શિક્ષણના મહત્ત્વને સમજાવતાં વિજ્ઞાપનો તથા વિવિધ કાર્યક્રમો નિરક્ષરતા નિવારણમાં મહત્ત્વનો ફાળો આપે છે. ટેલિવિઝન પર આવતા યુ.જી.સી.(UGC), (IGNOU)અને એન.સી.ઈ. આર.ટી.(NCERT)ના શૈક્ષણિક કાર્યક્રમો વિદ્યાર્થીઓ માટે ઉપયોગી હોય છે.
- નાનાં બાળકો માટેના કાર્યક્રમો, યુવાનો માટેના યુવાવાણી, ક્વિઝ વગેરે કાર્યક્રમો તેમનાં સામાન્ય જ્ઞાનમાં વધારો કરે છે. પ્રૌઢશિક્ષણના કાર્યક્રમોમાં પ્રૌઢજનોનાં સાક્ષરતા અને જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરી છે. આઝાદી પછી સાક્ષરતાનો દર ઊંચો લાવવામાં સમૂહસંચાર માધ્યમોનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. ટેલિવિઝને શિક્ષણ, કૃષિ, વિજ્ઞાન, ટેકનોલૉજી વગેરે વિષયો માટે વિશેષ ચૅનલો અને વિશેષ કાર્યક્રમો શરૂ કરેલ છે. ટેલિવિઝન દ્વારા વર્ગમાં અસરકારક રીતે તમામ વિષયોમાં ખૂબ જ ઊંડાણમાં જ્ઞાન આપી શકાય છે.
- આ માટે ડિસ્કવરી, નૅશનલ જિયોગ્રાફી, હિસ્ટ્રી, ગુજરાત સરકારની બાયસેગ BISAG16 વગેરે ચૅનલોના કાર્યક્રમો ઉત્તમ ઉદાહરણો છે. કમ્પ્યુટર અને મોબાઇલમાં વિવિધ વેબ સાઇટ કે ઈબુકથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો શિક્ષણના પાઠનો અભ્યાસ કરે છે. દરેક શૈક્ષણિક સંસ્થામાં ઇન્ફર્મેશન કૉમ્યુનિકેશન ટેકનોલૉજી અનિવાર્ય બન્યું છે. 'સ્માર્ટ બોર્ડ' અને 'પાવરપૉઇન્ટ પ્રેઝન્ટેશન' દ્વારા અપાતું શિક્ષણ શિક્ષકને ભણાવવામાં અને વિદ્યાર્થીને

સમજવામાં સરળ પડે છે. સમૂહ માધ્યમો ટ્રાફિકના નિયમો, મતદાર જાગૃતિ, વૃક્ષારોપણ, પ્રદૂષણ, વ્યનસમુક્તિ, રક્તદાન, ચક્ષુદાન, દેહદાન, ઊર્જા બચાવો, પાણી બચાવો વગેરે વિષયોનું નાગરિક જાગૃતિનું શિક્ષણ આપે છે.

3. સંચારનો અર્થ સમજાવી, તેની લાક્ષણિકતાઓ સમજાવો. (July 18, March 19)

- સંચારને અંગ્રેજી ભાષામાં 'કૉમ્યુનિકેશન' (Communication) કહે છે. 'કૉમ્યુનિકેશન' શબ્દ લૅટિન શબ્દ 'કોમુનિસ' (Communs)થી બન્યો છે. તેનો અર્થ 'સમાન' થાય છે. જયારે વ્યક્તિ સંચાર સંપર્ક કરે છે ત્યારે પરસ્પર સમાન સ્થિતિ રાખવાનો પ્રયત્ન કરે છે. સંચારમાં પરસ્પર કોઈ વિચાર ભાવના, દષ્ટિકોણ કે સૂચનને વહેંચવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સંચાર બે કે તેથી વધુ પક્ષો વચ્ચેની એવી આંતરક્રિયા છે, જેમાં સંવેદનાવાહક અને ભૌતિક માધ્યમો દ્વારા એકબીજા પક્ષ પર આંતરિક કે બાહ્ય અસર ઉપજાવે છે. સંચારની લાક્ષણિકતાઓ : સંચારની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે :
- 1. સંચાર એક અવિરત પ્રક્રિયા છે : સંચાર એ માનવજીવનનું અભિન્ન અંગ છે. સંચાર વિના માનવજીવન શક્ય નથી. સંચાર સતત ચાલતી રહેતી ગતિશીલ પ્રક્રિયા છે. એકબીજાની ભાવનાઓથી પરિચિત થવા પ્રત્યાયન જરૂરી છે. 'સંચાર' કે 'પ્રત્યાયન'માં સૂચન, આદેશ, નિર્દેશ, સલાહ, મંતવ્ય, અભિપ્રાય, પ્રેરણા, પ્રેમ, ભાવના વગેરે સંદેશાઓના આદાનપ્રદાનની પ્રક્રિયા સતત ચાલતી રહે છે.
- 2. સંચાર દ્વિતરફી પ્રક્રિયા છે : સંચારમાં ઓછામાં ઓછી બે વ્યક્તિઓ અથવા સમૂહ વચ્ચે સંદેશાઓનું આદાનપ્રદાન થાય છે. અવિરત ચાલતી આ પ્રક્રિયા દ્વિતરફી છે. સંચારમાં પ્રેષક સંદેશો આપે છે અને સંદેશો પ્રાપ્ત કરનાર સંદેશા અંગેની પ્રતિક્રિયા આપે છે.
- 3. સંચાર માટે માધ્યમ આવશ્યક છે : પ્રેષકથી સંદેશો પ્રાપ્ત કરનાર સુધીના સંદેશો મોકલવાના માર્ગને 'માધ્યમ' કહે છે. સંચારમાં માનવીની વાચા, હાસ્ય, રુદન, ઈશારા, હાવભાવ વગેરે સંવેદન વાહક માધ્યમનો ઉપયોગ થાય છે. સંચારમાં વર્તમાનપત્ર, રેડિયો, ટીવી, ટેલિફોન, મોબાઈલ, ઇન્ટરનેટ વગેરે જેવાં ભૌતિક માધ્યમોનો પણ ઉપયોગ અનિવાર્ય રીતે થાય છે.
- 4. સંચાર એક પ્રાકૃતિક ગુણ છે : સંચાર એ માનવીનો જન્મજાત ગુણ છે. સંચારની પ્રક્રિયાનો પ્રારંભ જન્મથી થાય છે. દા. ત. નવજાત શિશુનું રડવું. માનવીનું બોલવાનું, સાંભળવાનું અને લખવાનું કૌશલ્ય અન્ય તમામ પ્રાણી કરતાં જુદા પ્રકારનું છે. આમ, સંચાર એ માનવીનો પ્રાકૃતિક ગુણ છે.
- 5. સંચાર સામાજિક પ્રક્રિયા છે : સંચાર એ બે વ્યક્તિ કે સમૂહ વચ્ચે થતી સામાજિક પ્રક્રિયા છે. સંચારની પ્રક્રિયામાં સંદેશાઓ અને સંજ્ઞાના અર્થ સમાજ દ્વારા પારિભાષિત થયેલા હોય છે. દા. ત., વ્યક્તિ બંને હાથની હથેળીઓ ભેગી કરે ત્યારે સામેની વ્યક્તિ સમજી જાય છે કે મને પ્રણામ કરે છે.
- 6. સંચાર વિજ્ઞાન અને કલા છે : વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને સંચારની ટેક્નિક વિકસાવવામાં આવે છે. જેના પરિણામે પ્રેષક વધુમાં વધુ અર્થપૂર્ણ સંદેશાઓ આપી શકે છે. આ માટે વિવિધ પ્રકારનાં સાધનો, ભાષા, નૃત્ય અને ટેકનોલૉજીનાં સાધનોનો ઉપયોગ કરી શકાય છે. દા. ત., પાવરપૉઇન્ટ પ્રેઝન્ટેશન.

## 4. આધુનિક સંચાર માધ્યમોના વીજાણુ સાધનોનો ટૂંકો પરિચય આપો. (March 18, July 18)

- વીજાણુ સમૂહસંચારનાં માધ્યમો 'ઇલેક્ટ્રોનિક માધ્યમો' તરીકે પણ ઓળખાય છે. વીજાણુ માધ્યમોમાં રેડિયો, ફોટોગ્રાફી, ચલચિત્રો કે સિનેમા, ટેલિવિઝન, કમ્પ્યુટર, ઈન્ટરનેટ, મોબાઇલ વગેરેનો સમાવેશ થાય છે.
- 1. રેડિયો : ભારતના દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારોમાં રેડિયો સંચારનું અસરકારક માધ્યમ છે. રેડિયો દ્વારા પ્રસારિત કાર્યક્રમોના લીધે કૃષિ, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, મરઘા ઉદ્યોગ વગેરેને લગતી માહિતી ગ્રામવિકાસ અને પરિવર્તન લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.
- 2. ફોટોગ્રાફી : સમાજના પ્રત્યેક તબક્કે ફોટોગ્રાફી મહત્ત્વની બની છે.
- 3. ચલચિત્રો કે સિનેમા : ચિત્રોને ગતિ આપીને દશ્યો દર્શાવવાની પ્રક્રિયાને ચલચિત્ર કહે છે. ચલચિત્ર(ફિલ્મો)માં સમાજજીવનનાં વિવિધ પાસાંનું નિરૂપણ કરવામાં આવે છે. આથી ભારતમાં ફિલ્મજગત સમાજના આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે.
- 4 ટેલિવિઝન : ટેલિવિઝન એ આધુનિક યુગનો અદભુત અને અકલ્પનીય આવિષ્કાર છે. દૂરદર્શનનો મુખ્ય ઉદેશ ગ્રામવિકાસ, કૃષિવિકાસ, શિક્ષણ, જનજાગૃતિ વગેરે માટે માહિતી આપી રાષ્ટ્રીય વિકાસ કરવાનો
- 5. કોયૂટર : આજનો યુગ કોમ્પ્યુટર યુગ છે. કપ્યુટર એવું સાધન છે કે જે માહિતી સ્વીકારે છે, સંગ્રહ કરે છે, પૃથક્કરણ કરે છે અને વિવિધ સ્વરૂપે માહિતી પરત મોકલે છે.
- 6. ઇન્ટરનેટ : ઇન્ટરનેટ એટલે વિશ્વનું સૌથી મોટું જાળું (એકબીજા સાથે ગૂંથાઈને બનેલું કોકડું) જે અસંખ્ય કમ્પ્યુટર અને મોબાઇલને એકબીજાથી જોડે છે, જેને 'ઇન્ટરનેટ નેટવર્ક' પણ કહે છે. નેટવર્કથી દ્વિતરફી માહિતીની આપલે થાય છે.
- 7. મોબાઈલ : સ્માર્ટ ફોન યુવા જગતનું આકર્ષણ બન્યો છે. મોબાઈલમાં વિવિધ પ્રકારની ઍપ્લિકેશનના માધ્યમથી માહિતી અને મનોરંજન સરળ અને તે જ ક્ષણે ઉપલબ્ધ થાય છે.

## 5. સમૂહ માધ્યમોની સામાજિક અસરોની વિગતે ચર્ચા કરો. (March 18)

- સમૂહ માધ્યમોની કુટુંબજીવન, લગ્નવ્યવસ્થા, જ્ઞાતિવ્યવસ્થા અને સાંસ્કૃતિક પાસા પર આવેલ સામાજિક અસરો નીચે પ્રમાણે
- 1, કુટુંબજીવન પર અસર : સમૂહ માધ્યમોએ કૌટુંબિક જીવન પર હકારાત્મક અને નકારાત્મક અસરો નીપજાવી છે. કુટુંબવાદના બદલે વ્યક્તિવાદ ઊભો થયો છે. ઘરના વડીલો અને પુરુષોની સત્તામાં પરિવર્તન આવ્યું છે. સમૂહ માધ્યમોમાં દર્શાવાતા કાર્યક્રમો અને ધારાવાહિકોની અસર કુટુંબજીવન પર પડી છે. પતિપત્નીના સંબંધોમાં સત્તા અને તાબેદારીના બદલે સમાનતા, ઉદારતા અને સ્વતંત્રતાના ખ્યાલ વિકાસ પામ્યા છે. કુટુંબજીવનમાં લોકશાહી વાતાવરણ વધતું જાય છે. માધ્યમોની માહિતીના કારણે શિક્ષણની તકો વધી છે. પરિણામે યુવાનો સ્વતંત્ર રીતે પોતાની શૈક્ષણિક કારકિર્દી બનાવવા સમર્થ બન્યા છે. કન્યાના જન્મ અને તેના ઉછેરમાં ભેદભાવ બાબતે નવી જાગૃતિ ઊભી કરી છે. સમૂહ માધ્યમોમાં આવતી જાહેરાતોના કારણે કુટુંબના સભ્યોને આજીવિકાની તક મળતાં સ્થળાંતર વધ્યું છે. આમ છતાં, રોજબરોજનો સંપર્ક થઈ શકે છે.
- 2. લગ્નવ્યવસ્થા પર અસરઃ સમૂહ માધ્યમોએ લગ્ન માટે જીવનસાથીની પસંદગીમાં કુટુંબના વડાને ગૌણ અને લગ્ન કરનાર યુવક યુવતીને મહત્ત્વનું સ્થાન અપાવ્યું છે. લગ્ન પહેલા યુવક અને યુવતી મુલાકાત દ્વારા ઉંમર, દેખાવ, શિક્ષણ, વ્યવસાય, સ્વભાવ અને કુટુંબની બાબતોને મહત્ત્વ આપી જીવનસાથીની પસંદગી કરી શકે છે.

સમૂહ માધ્યમો સ્વપસંદગીના લગ્ન પુખ્તવયે લગ્ન, બાળલગ્ન વિરોધ, દહેજપ્રથાનો વિરોધ વગેરે વલણોનું ઘડતર કરે છે અને લગ્નપ્રસંગે મંડપ, ભોજન અને અન્ય ખર્ચમાં વધારો કરવા પ્રેરણા આપી રહ્યા છે. પતિપત્નીને સહજીવન બંધબેસતું ન હોય તો છૂટાછેડાથી લગ્નજીવનનો અંત લાવી, નવા જીવન માટે રસ્તો દર્શાવવામાં સમૂહ માધ્યમો મદદ કરે છે.

- 3. જ્ઞાતિવ્યવસ્થા પર અસર : જ્ઞાતિના કોટિક્રમ, ખાનપાન શાતિવ્યવસ્થા તથા નાગરિક અને ધાર્મિક અસમર્થતાની બાબતમાં અસ્પૃશ્યતાની લડતમાં મુદ્રિત માધ્યમોએ અગત્યનો ફાળો આપ્યો હતો. બંધારણ અને કાયદાથી ભેદભાવ દૂર કરવામાં માધ્યમોએ અસરકારક ફાળો આપ્યો છે. આધુનિક માધ્યમોએ ખાનપાન, વ્યવસાય અને નાગરિક હકોની ભેદભાવવાળી પ્રણાલીને દૂર કરી દીધી છે. સમૂહ માધ્યમો આંતર જ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન આપે છે. સમૂહ માધ્યમોની ભૂમિકાએ વ્યક્તિ અને કુટુંબ પરની જ્ઞાતિની મજબૂત પકડ ઢીલી કરવામાં મદદ કરી છે.
- 4. સાંસ્કૃતિક પાસા પર અસર : ભારતીય સમાજમાં અનેક ધાર્મિક સંપ્રદાયો છે. દરેક સંપ્રદાયમાં અનેક વિધિવિધાનો, માન્યતાઓ, વહેમ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધાઓ છે. સમૂહ માધ્યમો ઘણાં વિધિવિધાનો, માન્યતાઓ કે અંધશ્રદ્ધાઓ વિશે વૈજ્ઞાનિક માહિતી આપી જાગ્રત કરે છે અને શ્રદ્ધાઓ, માનવધર્મ અને યોગનો પ્રચાર કરે છે. સમૂહ માધ્યમો જન્મદિનનીઉજવણી, લગ્નદિનની ઉજવણી, વિવિધ તહેવારો અને ઉત્સવોની ઉજવણી ધામધૂમથી ઉજવવાની પ્રેરણા આપે છે. સમૂહ માધ્યમો કન્યાના જન્મને આવકારવા સમજાવે છે. સમૂહ માધ્યમોએ મૃત્યુના પ્રસંગોમાં લાંબા અને ઊંડા શોકના રિવાજોને માત્ર બેસણામાં ફેરવવાનું કાર્ય કર્યું છે.

### 6. મુદ્રિત માધ્યમોની સમજૂતી આપો.

- મુદ્રિત માધ્યમોનો આધુનિક સમૂહસંચાર માધ્યમોમાં સમાવેશ થાય છે. મુદ્રિત માધ્યમોમાં વર્તમાનપત્ર, પુસ્તકો, સામયિકો, પોસ્ટર, હોર્ડિંગ, ચોપાનિયાં વગેરેનો સમાવેશ થાય છે. ઈ. સ. 1440માં જર્મનીમાં ગુટેન બર્ગે પ્રિન્ટિંગ પ્રેસ(છાપકામની ટેક્નોલૉજી)નો વિકાસ કર્યો હતો. શરૂઆતના સમયમાં નાનાં ચોપાનિયાના સ્વરૂપમાં સમાચારો છાપીને વર્તમાનપત્રો શરૂ કરવામાં આવ્યા હતા.
- ભારતમાં વર્તમાનપત્રની શરૂઆત 18મી સદીના ઉત્તરાર્ધમાં થઈ હતી. જાન્યુઆરી, 1780માં જેમ્સ અગસ્ત હાકીને 'બંગાળ ગેઝેટ'ને સાપ્તાહિક સ્વરૂપે અંગ્રેજી ભાષામાં પ્રકાશિત કર્યું હતું. સ્વતંત્ર ભારતમાં યુનાઈટેડ ન્યૂઝ ઑફ ઈન્ડિયા' (યુ.એન.આઈ.) નામની એક કંપનીની સ્થાપના કરવામાં આવી. આનું મુખ્ય કાર્ય સમાચાર આપવાનું છે. 27 ઓગસ્ટ, 1947ના રોજ 'પ્રેસ ટ્રસ્ટ રફ ઈન્ડિયા (પી.ટી.આઈ.) નામના 'પ્રેસ આયોગ'ની સ્થાપના કરવામાં આવી. સમાચારપત્રો આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક નેમ ચાર કક્ષાએ રજૂ કરવામાં આવતા હતા.
- જેમાં સ્થાનિ કથી શરૂ કરીને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધીની તમામ ઘટનાઓ અને વિગતો પ્રકાશિત કરવામાં આવતી હતી. રાજા રામમોહનરાયે ઈ. સ. 1921માં બંગાળી ભાષામાં સંબંધ કોમદી' અને 'મિરતઉલએકબર' વર્તમાનપત્રો શરૂ ક્યાં હતા. ઈ. સ. 1822માં ગુજરાતી ભાષામાં મુંબઈ સમાચાર' શરૂ થયું.ત્યારબાદ હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં અનેક સમાચાર પત્રો શરૂ થયાં. વર્તમાનપત્ર સંચારનું સસ્તું માધ્યમ છે. તેની મહત્ત્વની સુવિધા એ છે કે તે અનુકૂળ સમયે વાંચી શકાય છે.

- મુદ્રિત માધ્યમોમાં પાઠયપુસ્તકો, ધાર્મિક ગ્રંથો, નવલ કથાઓ, કાવ્યો, નાટકો વગેરે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વર્તમાનમાં કમ્પ્યુટર સાથે જોડાયેલ ડિજિટલ ટેક્નોલૉજીના કારણે બીબાપ્રિન્ટિંગ ટેક્નોલૉજીનો અંત આવ્યો છે. ડિજિટલ ટેકનોલોજીના કારણે વિવિધ પ્રકારનાં પ્રિન્ટર, ફોટોકૉપિ મશીન વગેરે દ્વારા થતું પ્રિન્ટિંગ ઘણું સરળ અને ઝડપી થાય છે. ટેલિવિઝન, કમ્પ્યુટર, ઈન્ટરનેટ, સ્માર્ટ ફોન વગેરેના કારણે વર્તમાનપત્રો, પુસ્તકો, સામયિકો વગેરેના વાંચનના પ્રમાણમાં મોટો ઘટાડો જોવા મળે છે.

7. વીજાણુ સમૂહસંચાર માધ્યમ તરીકે રેડિયોની સમજૂતી (March 19)

- રેડિયોના આવિષ્કારનું શ્રેય ઇટલીના વૈજ્ઞાનિક માનીને ફાળે જાય છે. તેમણે ઈ. સ. 1921માં રેડિયોની શોધ કરી હતી. આકાશવાણીનું સૌપ્રથમ કેન્દ્ર ઇંગ્લેન્ડમાં સ્થાપવામાં આવ્યું હતું.' આ પછી આકાશવાણીનો ઉત્તરોત્તર વિકાસ થયો છે.
- ભારતમાં રેડિયો પ્રસારણનો પ્રારંભ ઈ. સ. 1923માં મુંબઈમાં 'ક્લબ રેડિયો' નામે ખાનગી પ્રસારણથી થયો. ઈ. સ. 1927માં મુંબઈ અને કોલકાતા ખાતે સરકારી માલિકીના ટ્રાન્સમીટર્સ દ્વારા માહિતી પ્રસારણની શરૂઆત થઈ હતી. ઈ. સ. 1930માં આ બંને ટ્રાન્સમીટર્સ સરકારે પોતાને હસ્તક લીધા અને 'ભારતીય પ્રસાર સેવા (ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ સર્વિસ)ના નામે પ્રસારણ શરૂ થયું. ઈ. સ. 1936માં તેનું નામ બદલીને 'ઑલ ઇન્ડિયા રેડિયો રાખવામાં આવ્યું અને ઈ. સ. 1957થી તે 'આકાશવાણી'ના નામથી ઓળખાય છે.
- 'આકાશવાણી'નું સંચાલન ભારત સરકારના 'સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. વર્તમાનમાં ભારતમાં આકાશવાણીના કુલ 187 રેડિયો બ્રોડકાસ્ટિંગ સ્ટેશનો અને 180 રેડિયો ટ્રાન્સમીટરો છે. આકાશવાણીનું આ નેટવર્ક ભારતની 96 ટકા વસ્તીને આવરી લે છે અને તે દેશના 83 ટકા વિસ્તારમાં ફેલાયેલું છે. આકાશવાણીના કાર્યક્રમોમાં નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓ પર આધારિત નાટકોનું પ્રસારણ કરવામાં આવે છે.
- આ ઉપરાંત વિભિન્ન સામાજિક દૂષણોના નિવારણ સંબંધી મૌલિક નાટકો પણ પ્રસારિત કરવામાં આવે છે. આકાશવાણી પરથી પ્રસારિત થતા સમાચારો ધણી અગત્ય ધરાવે છે. અંગ્રેજી, હિંદી અને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત થતા સમાચારો રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક મહત્ત્વ ધરાવે છે. આકાશવાણીના દરેક સ્ટેશન પરથી ગ્રામીણ કાર્યક્રમો અને કુટુંબ કાર્યક્રમોનું પ્રસારણ થાય છે.
- આ ઉપરાંત પ્રૌઢશિક્ષણ, ગ્રામીણ વિકાસમાં પંચાયતોની ભૂમિકા, ગ્રામીણ મહિલા અને બાળકોને લગતા કાર્યક્રમો, માતા અને બાળસંભાળ, પર્યાવરણ સુરક્ષા, કુટુંબ કલ્યાણ વગેરેને લગતા કાર્યક્રમો પ્રસારિત થાય છે. દેશવિદેશમાં રમાતી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતો તથા સ્પર્ધાઓને લગતા કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. આકાશવાણી સામૂહિક પ્રસારણ માટેનું વિશાળ માધ્યમ છે. તે વસ્તીના મોટા ભાગ સુધી એક જ સમયે ઓછા ખર્ચે અને પ્રભાવી રૂપથી પહોંચી શકે છે. જ્યાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સુવિધાઓ મર્યાદિત છે. ત્યાં રેડિયો પહોંચી શકે છે. આમ, રેડિયો મનોરંજન અને જાણકારી મેળવવાનું મહત્ત્વપૂર્ણ માધ્યમ છે.

8. સંચારનાં માધ્યમોથી આર્થિક ક્ષેત્રોમાં આવેલાં પરિવર્તનોની ચર્ચા કરો.

- સંચારનાં માધ્યમોથી આર્થિક ક્ષેત્રોમાં અનેક પરિવર્તનો આવ્યાં છે. કેટલાંક અગત્યનાં ક્ષેત્રોમાં આવેલાં પરિવર્તનો નીચે પ્રમાણે છે.
- 1. કૃષિક્ષેત્રે આવેલાં પરિવર્તનો : ભારત ખેતીપ્રધાન દેશ છે. મોટા ભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. ખેતીની આધુનિક પદ્ધતિઓ, રાસાયણિક ખાતર, સુધારેલાં બિયારણ, પાકસંરક્ષણ વગેરેને લગતા કાર્યક્રમો દ્વારા ખેડૂતોને ખેતીને લગતું વૈજ્ઞાનિક શિક્ષણ પ્રાપ્ત થાય છે. આ જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરી ખેડૂતો વધુ સારી ગુણવત્તાવાળો પાક મેળવી શક્યા છે અને તેના ઉત્પાદનમાં પણ વધારો થયો છે. નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્યુનિટી ડેવલપમેન્ટ, હૈદરાબાદ દ્વારા સંચાર માધ્યમોની ગ્રામજીવન પર થતી અસરોના અભ્યાસથી જાણવા મળ્યું છે કે રેડિયો દ્વારા આપવામાં આવતા ખેતીને લગતા કાર્યક્રમોને કારણે ખેતીને લગતું આધુનિક, વૈજ્ઞાનિક જ્ઞાન ધરાવતી વ્યક્તિોની સંખ્યામાં મોટો વધારો થયો છે. પરિણામે આધુનિક ખેતી પદ્ધતિ અપનાવતા લોકોની સંખ્યા વધી છે.
- 2. ઉદ્યોગ ક્ષેત્રે આવેલાં પરિવર્તનો સમૂહ માધ્યમો દેશના વિવિધ ઉદ્યોગો અંગેની માહિતી આપે છે. ભવિષ્યમાં જેતે ઉદ્યોગોમાં વિશિષ્ટ લાયકાત ધરાવનાર વ્યક્તિઓની કેટલી માંગ રહેશે તેની જાણકારી મેળવીને વિદ્યાર્થીઓ એ મુજબનું શિક્ષણ મેળવી પોતાની કારકિર્દીનું ઘડતર કરી શકે છે. આ ઉપરાંત લઘુ ઉદ્યોગો કે ગૃહઉદ્યોગોમાં કેટલું રોકાણ જરૂરી છે. કેટલી જગ્યા જોઈએ, કેટલી લોન ક્યાંથી મળી શકે. કેવી લાયકાત ધરાવનાર વ્યક્તિની જરૂરિયાત રહે વગેરે બાબતોની વિસ્તૃત માહિતી સંચાર માધ્યમો દ્વારા વ્યક્તિને મળે છે.
- 3. નોકરી ક્ષેત્રે આવેલાં પરિવર્તનો : વિવિધ વર્તમાનપત્રોમાં સરકારી તથા બિનસરકારી નોકરી માટેની જાહેરાતો વાંચી વ્યક્તિ પોતાની શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાતને અનુરૂપ હોય તેવી નોકરી માટે ઉમેદવારી કરી શકે છે.
- 4. વેપારવાણિજ્યના ક્ષેત્રે આવેલાં પરિવર્તનો : રેડિયો અને ટેલિવિઝન દ્વારા વાણિજ્ય સંબંધી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ઉત્પાદક કંપનીઓ પોતાની ચીજવસ્તુઓનાં વિજ્ઞાપન આપે પોતાના ઉત્પાદનની રજૂઆત કરીને તે ઉત્પાદન પ્રત્યે લોકોનું ધ્યાન દોરવામાં આવે છે, જેથી લોકો તે ઉત્પાદન ખરીદવા આકર્ષાય છે. આ રીતે ગ્રાહક વર્ગમાં વધારો થાય છે અને બજાર વિસ્તૃત બનતું જાય છે.